ગુજરાત બાળ સુરક્ષા એકમમાં કર્મચારીની ભરતી માટે જિલ્લા કક્ષાની પસંદગી સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૦/૫૩૧/પાર્ટ-૧/છ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮ /૦૪/૨૦૨૨

વંચાણે લીધા :-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: જીએસસીપીએસ/૧૧૫/૭/૨૧-૨૨/૩૧૮, તા.૨૪/૦૨/૨૦૨૨.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:જજઅ/૧૦૨૦૧૦/૫૩૧/૨૨૦૧૪૩/છ, તા.03/03/૨૦૧૪.

(3) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૪/૨૦૯૭૬૨/છ, તા.૦૮/૧૦/૨૦૧૪.

આમુખ :-

ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજના અંતર્ગત જિલ્લા કક્ષાએ ગુજરાત બાળ સુરક્ષા એકમની રચના થયેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક (3) ના ઠરાવથી સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS)ની માર્ગદર્શિકા અનુસાર બાળ સુરક્ષા એકમ ખાતે કુલ-૧૨નું મહેકમ મંજુર થયેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક (૨) ના ઠરાવથી ગુજરાત બાળ સુરક્ષા એકમમાં માનવબળની પસંદગી કરવા રાજ્યકક્ષાની પસંદગી સમિતીની રચના કરવામાં આવેલ. વંચાણે લીધેલા ક્રમાંક (૧)ના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ બાળ સુરક્ષા એકમમાં માનવબળની પસંદગી માટે રાજ્ય કક્ષાની સમિતિને બદલે જિલ્લા કક્ષાએ પસંદગી સમિતિની રચના કરવા દરખાસ્ત કરેલ. સદર દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાને અંતે ભારત સરકારની સંકલિત બાળ સુરક્ષા યોજના અંતર્ગત વંચાણે લીધેલા ક્રમાંક (૨) ના ઠરાવથી થયેલ ગુજરાત બાળ સુરક્ષા

એકમના માનવબળની રાજ્યકક્ષાની પસંદગી સમિતીની સ્થાને જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ આથી નીચે મૂજબ ઠરાવવામાં આવે છે.

| ક્રમ | હાલનો હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| (૧) | જિલ્લા મેજીસ્ટ્રેટ/કલેક્ટર | ચેરમેન |
| (૨) | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી | સભ્ય સચિવશ્રી |
| (૩) | જિલ્લા બાળ સુરક્ષા અધિકારી | સભ્ય |
| (૪) | ચીફ ઓફિસર/પ્રોગ્રામ ઓફિસર/સુપ્રિન્ટેન્ડન્ટ | સભ્ય |

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( લીના કે.વાઘેલા )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરી, બ્લોક નં.-૧૬,ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ, બ્લોક નં. ૧૯, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી,(સા.ન્યા.),નાણા વિભાગ, ગાંધીનગર
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.